INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૮-૧૦-૨૦૨૩

- **ભાજપ સરકારમાં નકલી અધિકારીઓ બાદ આખી નકલી સરકારી કચેરી પણ ધમધમે, આ તો કેવી સરકાર?**
- **મોટી રાજકીય વગ, મોટા અધિકારીઓના આશિર્વાદ અને મેળાપીપણા વગર નકલી સરકારી કચેરી બે-બે વર્ષ સુધી શું ચાલી શકે ? કરોડોના કૌભાંડના અસલી ખેલાડી કોણ ?**
- **રાજ્યમાં રોજ નીત નવા કૌભાંડોની હારમાળા વચ્ચે લાંબા સમયથી વિવિધ ક્ષેત્રમાં ચાલતા ડમી અને ડુપ્લીકેટના ધમધમતા વેપલા અંગે ભાજપ સરકાર કેમ લીપાથોપી કરી રહી છે ? ગુજરાતની જનતા જાણવા માંગે છે.**

ભાજપ સરકારમાં નકલી અધિકારીઓ બાદ આખી નકલી સરકારી કચેરી પણ ધમધમે, આ તો કેવી સરકાર? મોટી રાજકીય વગ, મોટા અધિકારીઓના આશિર્વાદ અને મેળાપીપણા વગર નકલી સરકારી કચેરી બે-બે વર્ષ સુધી શું ચાલી શકે ? કરોડોના કૌભાંડના અસલી ખેલાડી કોણ ? સંડોવાયેલા સાચા ખેલાડીઓ બેનકાબ થાય, સંપૂર્ણ તપાસ થાય તેવી માંગણી કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, છોટાઉદેપુરના બોડેલીમાં કાર્યપાલક ઈજનેર શ્રી, સિંચાઈ પ્રોજેક્ટ ડીવીઝનલ બોડેલી નામની બનાવટી કચેરી બનાવીને ૨૬ જુલાઈ, ૨૦૨૧થી ટ્રાયબલ સબ પ્લાન કચેરી, છોટાઉદેપુર ના સરકારી નાણાં ખંખેરી રહ્યા ની હકીકત બહાર આવી છે. આ બનાવટી કચેરીએ અત્યાર સુધીમાં ૯૩ સરકારી કામો કરવા ના નામે કુલ ૪.૧૫કરોડ રુપિયા ખંખેરી લીધા છે. આ બનાવટી અધિકારી અત્યાર સુધી આયોજનની મિટિંગોમા પણ આવ્યો છે. જેમાં પ્રભારી મંત્રી શ્રી,કલેકટર શ્રી, ટ્રાયબલ સબ પ્લાન ઓફિસર, ધારાસભ્યો, સાંસદ, તાલુકા પ્રમુખશ્રીઓ, જીલ્લા પ્રમુખ. સલાહકાર સમિતિ સભ્યો બેસતા હોય છે. આમાં સવાલ એ થાય કે,

- શું એટલા અભણ અધિકારીઓ બેઠા છે કે નકલી ફાઈલો પણ પાસ કરશે ?
- નકલી સરકારી કચેરીના નામે ૭૧ ફાઈલો પાસ થઈ ગઈ કોને ખબર ન પડી ?
- નકલી સરકારી કચેરીની જંગી રકમની ચુકવણી કોની મીઠી નજર હેઠળ થઈ ?
- શું પ્રયોજન વહીવટદારની કચેરીની રહેમ નજર હેઠળ આમ થયું છે ?
- ગ્રાન્ટ ફાળવણી અને બીલો ચુકવવાની પ્રક્રિયા પારદર્શિત કેમ ન થઈ ?
- બે-બે વર્ષ સુધી ભેજાબાજો કાંડ આચરતા રહ્યા, શું તંત્ર ઊંઘતું હતું ?
- દરખાસ્ત પસાર કરવવા સાત કોઠા વીંધવા જેવી સ્કીમમાં કૌભાંડ કઈ રીતે રચાયું ?
- ખોટી સરકારી કચેરીના નામે ૯૩ કર્યો કેવી રીતે થયા પાસ ?
- સવા ચાર કરોડ રૂપિયાની ગ્રાન્ટ ઉપરી અધિકારીઓ એ કેમ કરી પાસ ?
- આટલા લાંબા સમય સુધી ૯૩ જેટલા સરકારી કામો ને આટલી મોટી રકમ કેવી રીતે વાપરી ?
- તેના કામોની ભલામણ કોણે કરી ? તેને મળેલા સરકારી નાણાં કોના એકાઉન્ટ માં જમાં થયા?

રાજ્યમાં રોજ નીત નવા કૌભાંડોની હારમાળા વચ્ચે લાંબા સમયથી વિવિધ ક્ષેત્રમાં ચાલતા ડમી અને ડુપ્લીકેટના ધમધમતા વેપલા અંગે ભાજપ સરકાર કેમ લીપાથોપી કરી રહી છે ? ગુજરાતની જનતા જાણવા માંગે છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા